# મારી જીવનયાત્રા – સ્વાર્થથી નિસ્વાર્થ ભણી

આ લેખ મારા જીવનની સાચી કબૂલાત છે (a true confession), એક આત્મનિરીક્ષણ છે. (an introspection). કૃતજ્ઞતા (gratitude), આભાર, અહેસાન, શુક્રગુજાર (thankfulness, appreciation) વગેરે શબ્દો મારા શબ્દકોશ (dictionary) માં જ ન હતા. અને જ્યારે શબ્દો શબ્દકોશમાં ન હોય ત્યારે એની સમજણ ક્યાંથી હોય.

અત્યારે મારી ઉંમર 64 વર્ષની છે અને 12 વર્ષ પહેલા 52 વર્ષની ઉંમરે જ્યારે પહેલીવાર હું મા-સ્વામીને (ગોંડલ સંઘાણી સંપ્રદાયના પ્રવર્તિની જય-વિજયાજી મહાસતીજી) ગુરૂદેવના (ગોંડલ સંઘાણી સંપ્રદાયના આચાર્ય ભગવંત નરેન્દ્રમુનિ મહારાજ સાહેબ) કાળ કરી ગયા પછી મળ્યો ત્યારે જીવનની સચ્ચાઈ નજર સામે આવી. ફક્ત 14 વર્ષની ઉંમરથી, સતત 38 વર્ષ ગુરૂદેવ સાથે વીતાવ્યા પછી પણ જે સમજણ ન આવી તે 7.5 વર્ષમાં મા-સ્વામીએ આપી. લાગે છે કે જ્યાં બાપની બુધ્ધિ કામ ન કરી શકી, ત્યાં માની લાગણી કામ કરી ગઈ. કૃતજ્ઞતાથી પરોપકાર (Gratitude to philanthropy) એ મારા જીવનની યાત્રા છે જેમાં 6 તબક્કાઓ છે. પહેલાં ચાર તબક્કાઓ પૂર્ણ થઈ ચૂક્યા છે અને પાંચમાં તથા છઠ્ઠા તબક્કાઓ તરફ આગળ વધવાની કોશિષ કરી રહ્યો છું.

પહેલો તબક્કો શરૂ થયો જન્મથી 16 વર્ષની ઉંમર સુધીનો. બીજા બધા બાળકની જેમ એ 16 વર્ષ દરમ્યાન હું માનતો હતો કે માતા-પિતા, ભાઈ-બહેન વગેરે પાસેથી બધું જ લેવું એ મારો જન્મસિધ્ધ હક્ક છે, it's my birthright or priviledge. Unfortunately, કોઈ સમજાવવાવાળું ન હોવાને કારણે સ્વભાવ સ્વાર્થી અને તુમાખીભર્યો બની ગયો.

કુટુંબની આર્થિક સમસ્યા જોતાં, 16 વર્ષથી નોકરી કરવાની શરૂ કરી અને 30 વર્ષની ઉંમરે પહોંચતા સુધીમાં ગુરૂકૃપાએ ખૂબ જ સફળતા હાંસલ કરી. આ હતો મારા જીવનનો બીજો તબક્કો, જેમાં હું માનવા લાગ્યો કે હું self-made man છું. મારા ભાગ્યને મેં સ્વયં નિર્મિત કરેલ છે. મા-બાપના, કુટુંબના, સમાજના અને અનેકોના ઉપકારોને ભૂલી ફક્ત અને ફક્ત મારી સફળતા મારી પોતાની છે એમ માનવા લાગ્યો. અરે બીજા તો શું, ગુરૂદેવના ઉપકાર પણ વીસરી ગયો.

ત્રીજો તબક્કો શરૂ થયો 30 વર્ષની ઉંમરથી, 52 વર્ષની ઉંમર સુધી. આ 22 વર્ષના ગાળામાં સફળતાની સાથે સાથે એક એની ફિલિંગ આવવા લાગી કે "મારે કોઈની જરૂર નથી", I don't need anybody. આવા વિચારોને કારણે મારા જીવનમાં અહંકાર અને ઉધ્ધતાઈ આવવા લાગી. પરંતુ ગુરૂકૃપાએ ક્યાંય તકલીફ ન આવી.

ગુરૂદેવ મારાથી દુઃખી રહેતા. ક્યારેક સમજાવતા, પણ હું મારી દુનિયામાં હતો. પરંતુ એ ગુરૂકૃપાએ મારા જીવનમાં એક વળાંક આવ્યો. ગુરૂદેવ 2010માં આ ફાની દુનિયા છોડી ગયા. મને ભયંકર પસ્તાવો થયો પરંતુ હવે કોઈ રસ્તો ન હતો. એમની છેલ્લી સલાહ પ્રમાણે મા-સ્વામી પાસે ગોંડલ પહોંચ્યો. મોટેભાગે હું જે જાતના અહંકાર અને ઉધ્ધતાઈમાં હતો કે મને મોટો કુદરતનો ફટકો લાગવો જરૂરી હતો. પરંતુ ગુરૂકૃપાએ મા-સ્વામીનો આશરો આપી દીધો.

જીવનનો ચોથો તબક્કો એટલે મા-સ્વામી સાથેના મારા ભવ્ય દિવસો. 7 વર્ષ અને 4 મહિના મારા જીવન માટે ભવ્યાતિભવ્ય સાબિત થયા. મા-સ્વામીએ જીવન જીવતા શીખવાડ્યું. ઉપકારીના ઉપકાર કદી ન ભૂલાય એમ સમજાવી જીવનમાં શાંતિ, પ્રેમ, કરૂણા અને અનુકંપાનું મહત્વ સમજાવ્યું. આ તબક્કો એવો હતો જેમાં હું self-made man છું અથવા તો મારે કોઈની જરૂર નથી એના બદલે હું બધાનો છું અને બધા મારા છે. શરૂઆત થઈ અદ્વૈતભાવની સાધનાની. એમણે ધર્મ અને ધર્મમય જીવનનો ફરક સમજાવ્યો. કુદરતમય જીવનની શરૂઆત કરાવી.

જીવનમાં પહેલીવાર સમજાયું કે મનુષ્ય સામાજિક પ્રાણી છે. મનુષ્ય જ્યાં સૃષ્ટિનું સર્વોચ્ચ પ્રાણી છે ત્યાં એક રીતે એ સૌથી તુચ્છ પ્રાણી પણ છે કેમકે એ બીજાની સહાય વગર પોતાનો વિકાસ તથા કોઈપણ પોતાના સુખની સામગ્રી ઉપાર્જન કરવામાં અસમર્થ છે. સિંહ અને વાઘ જંગલમાં એકલા જીવી શકે છે, પોતાનો શિકાર પોજાની જાતે જ કરે છે અને પોતાની જાતે જ ખાય છે. પરંતુ મનુષ્યના બધા કાર્યો માટે એને એકબીજાની જરૂર પડે છે.

જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં મનુષ્યને બીજાની જરૂર પડે છે, એટલા માટે દરેક મનુષ્ય માટે એના મનમાં કૃતજ્ઞતાની ભાવના હોવી જરૂરી છે. બીજાના ઉપકારોને યાદ રાખવા એ સજ્જનતાની પહેલી નિશાની છે.

જીવનનો પાંચમો તબક્કો મા-સ્વામીએ એમના જીવનકાળનાં છેલ્લાં એક વર્ષમાં મારી પાસે શરૂ કરાવ્યો અને એ હતો કૃતજ્ઞતાથી પરોપકારની યાત્રા, a journey of Gratitude to philanthropy એમણે સમજાવ્યું જો તે જીવન દરમ્યાન અનેકોની મદદ લીધી હોય તો તારે એ ઋણ અદા કરવું જરૂરી છે, પરોપકાર દ્વારા કૃતજ્ઞતા વ્યક્ત કરવી જરૂરી છે. ફક્ત તારા માટે ન જીવ, કુદરત પાસેથી શીખ- નદી પોતાનું પાણી પીતી નથી, વૃક્ષ પોતાના ફળ ખાતા નથી, વાદળ પોતાના માટે વરસતા નથી.

અને જતાં-જતાં જીવનની છઠ્ઠા તબક્કાની શીખ આપી ગયા. દેજે એવી રીતે કે દેતી વખતે તારા દિલમાં લેનાર માટે કૃતજ્ઞતા આવી. Be grateful for getting opportunity by someone to be grateful. એના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરજે કે જેણે તારી પાસેથી કાંઈક લીધું છે, નહીંતર એ ના પણ પાડી શકત.

જિંદગીમાં પહેલીવાર સમજાયું, દેવાવાળા કરતાં લેવાવાળા મહાન છે. લેવામાં વિશ્વાસ અને સાહસની જરૂર છે.

આ છે મારા જીવનની યાત્રા, My life journey.

જીવનના અંતિમ ચરણમાં એક વાત સમજાઈ ગઈ કે જો જીવનમાં સુખ, શાંતિ, પ્રસન્નતા, હળવાશ અને મધુરતા લાવવી હશે તો એ ત્યારે જ આવશે જ્યારે આપણા સ્વભાવને બદલાવશું. જીવનમાંથી દુર્ગુણોને- ક્રોધ, અભિમાન, છળ-કપટ, લોભ, અહંકાર વગેરેને દૂર કરીશું. સેવા, સાધના, સંયમ અને સમાધિના માર્ગ પર ચાલીશું. ધર્મમય અને કુદરતમય જીવન જીવતા શીખશું. દરેકના ઉપકારોને માથે ચડાવીશું.